
# ભિલોડામાં ગત રાત્રે આભ ફાટ્યું, ૭ ઈંચથી વધુ વરસાદ

ભિલોડા,તા.૧
સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ગત મધ્યરાત્રે ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. નીચાણવાળા વિવિધ વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ફરી વળ્યા હતા. ભિલોડા તાલુકા મથકને જોડતા વિવિધ માર્ગો ઉપર ઠેર-ઠેર વૃક્ષો અને વીજળીના થાંભલા ધારાશાયી થઈ જતા પ્રજાજનોને વહેલી સવારે ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. ઈ.ચા. મામલતદાર સંજયભાઈ પટેલ સહિત વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓએ તાબડતોબ કામગીરી હાથ ધરી હતી. વાહન વ્યવહાર રાબેતા મુજબ શરૂ કરાયો હતો. ભિલોડા, કમઠાડીયા સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વર્ષો જુના માટીના કાચા મકાનો ધારાશાયી થઈ ગયા હતા. ભિલોડા તાલુકાના લાલપુર ગામમાં મકાન ધારાશાયી થતાં મામાના ઘરે આવેલ ભાણેજનું મોત નિપજયું હતું. દાવલી ગામના રણવીર લાલાભાઈ ખાંટ, આશરે ઉંમર વર્ષ. ૫નું મોત નિપજ્યું હતું જ્યારે કાટમાળ નીચે દટાયેલા ૬ લોકો ઈજાગ્રસ્ત હોઈ









ઘટના સ્થળે લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા તે દરમ્યાન કાટમાળ નીચે દટાયેલા લોકોને સલામત રીતે બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અનેક કોઝવે ઉપર ઠેર-ઠેર ગ્રામીણ વિસ્તારોમાં વરસાદી પાણી ભયાનક રીતે ફરી વળતા અનેક ગામડાઓ સંપર્ક વિહોણા થઈ ગયા હતા.આ વર્ષે મેઘરાજાએ ઠેર-ઠેર ધબધબાટી બોલાવતા મેઘ મહેરના બદલે મેઘ કહેર બનતા પ્રજાજનોમાં ભારે ચિંતાનું મોઝુ ફરી વળ્યું છે. મેઘરાજા હવે ખમૈયા કરે તેવી પ્રાર્થના ખેડુતો કરી રહ્યા છે.

ભિલોડા અને વિજયનગર તાલુકાના ઉપરવાસમાં ધોધમાર વરસાદ મધ્યરાત્રે વરસતા હાથમતી,બુઢેલી,ઈન્દ્રાસી અને મેશ્વો નદી બે કાંઠે વહેતી થઈ ત્યારે વરસાદી પાણીના ઘોડાપુર નદીઓમાં આવ્યા હતા.નદી કિનારે આવેલા ખેતરોમાં ઠેર-ઠેર









વરસાદી પાણી ફરી વળતા ખેડુતોને વ્યાપક નુકશાન સહન કરવાનો આવ્યો છે. નદી કિનારે ખેતી લાયક ફળદ્રુપ જમીનો ધરાવતા ખેડુતોની મહામુલ્યવાન જમીનોનું ક્યાંક ક્યાંક ધોવાણ થઈ રહ્યું છે.

હાથમતી નદી કિનારે આવેલ ભિલોડા પાસેના નારણપુર ગામના પાદરે લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલ ધોરો એકાએક ભારે વરસાદને પગલે ધારાશાયી થઈ જતા ખેડુતો અને પશુ પાલકો ભારે મુંઝવણમાં મુંકાયા છે. નારણપુર-નારસોલી ગામનું તળાવ વર્ષો બાદ છલકાયું છે.

ગત મધ્યરાત્રે મુશળધાર વરસાદ વરસતા ઠેર-ઠેર સીમાડાઓમાં ખેતરો બેટ સમાન બનતા વરસાદી પાણી ભરાયા હતા. કપાસ, મગફળી, એરંડા, અળદ, ચોરી, મગ, મકાઈ, તુવેર સહિત વિવિધ પ્રકારના પાકોને વ્યાપક નુકશાનની ભીતી હોઈ ખેડુતો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. સરકાર ધ્વારા પાકની નુકશાનીનો સર્વે હાથ ધરવામાં આવે અને ખેડુતોને પાકના નુકશાનનું વળતર આપવામાં આવે તેવી ખેડુતો આશા સેવી રહ્યા છે.

અવવલ્લી જીલ્લા પંચાયતના પુર્વ પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘીએ લેખિતમાં કલેકટરને જણાવ્યું હતું કે અરવલ્લી જીલ્લાના ભિલોડા, મેઘરજ, શામળાજી સહિત વિવિધ તાલુકાઓમાં અતિભારે વરસાદના કારણે ઠેર-ઠેર ઉભા થયેલ પાકના નુકશાન બાબતે ખેડુતોને સહાય આપવામાં આવે તેવી માંગણી કરેલ છે. વરસાદના કારણે ખેડુતોને વ્યાપક નુકશાન થયેલ છે. નદી કિનારાના આસપાસના વિસ્તારોમાં ઠેર-ઠેર જમીનોનું ધોવાણ થયેલ હોઈ સહાય આપવા રજુઆત કરેલ છે.વરસાદના કારણે પાકા ડામર રસ્તાઓ ઠેર-ઠેર તુટી ગયેલ હોઈ પ્રજાજનોને ભારે હાલકી ભોગવવાનો વારો આવ્યો છે ત્યારે સત્વરે સમારકામ હાથ ધરવામાં આવે તેમ જણાવ્યું હતું.

### રાજ્યમાં લીલા દુકાળના પગલે ખેડૂતે આત્મહત્યા કર્યાની સૌપ્રથમ ઘટના

# મોડાસાના ઉમેદપુર ગામના ખેડૂતે પાક નિષ્ફળ જતા જીંદગી ટૂંકાવી

મોડાસા, તા. ૧
રાજ્યમાં દિવસને દિવસે ખેડૂતોની સ્થિતિ દયનીય બની રહી છે. આવી સ્થિતિથી હારી ખેડૂત આપઘાત કરી રહ્યો છે. આવો જ એક આપઘાત અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ઉમેદપુર(દધાલિયા) ગામના ૬૦ વર્ષીય ધરતીપુત્રે કર્યો છે. અરવલ્લી જીલ્લામાં સતત વરસતા વરસાદના પગલે ખેતરોમાં પાણી ભરાતા કપાસ, મગફળી, મકાઈ, તલ, સહીત પાકને ભારે નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે. રાજ્યમાં લીલા દુકાળની ભીતિ વચ્ચે ખેડૂતે ખેતરમાં વાવણી કરેલ મગફળીનું વાવેતર નિષ્ફળ જતા લાગી આવતા આત્મહત્યા કરી લેતા પરિવારજનો પાર આભ તૂટી પડ્યું હતું. મોડાસા રૂરલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના ઉમેદપુર (દધાલિયા) ગામના જયંતીભાઈ કરશનભાઈ પટેલે ૩ વીઘા ખેતરમાં મોંઘાદાટ બિયારણ અને જંતુનાશક દવાઓનો જંગી ખર્ચ કરી મગફળીનું વાવેતર કર્યું હતું, ખેતરમાં ઉભો




મગફળીનો પાક સતત વરસતા વરસાદના પગલે નિષ્ફળ જતા મોટું નુકશાનના થવાના ડરને પગલે ખેડૂત અઠવાડિયાથી ટેન્શનમાં રહેતા હતા સોમવારે સવારે જ્યંતિભાઈ પટેલે ખેતરમાં જઈ ઝેરી દવા પી લીધી હતી ઝેરી દવાની અસરમાં બે ભાન થઇ ગયા હતા, ખેડૂતના પરિવારજનો ખેતરમાં જતા જાણ થતા તાબડતોડ મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ખેડૂતે ગુરુવારે સવારે દમ તોડી દેતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. ખેડૂતે પાક નિષ્ફળ જતા આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી. મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા મોડાસા રૂરલ પોલીસે ખેડૂતના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા પીએમ રૂમ આગળ મોટી સંખ્યામાં ખેડૂતો એકઠા થયા હતા અને મૃતક પરિવારજનોને સરકારી સહાય મળે તેવી માંગ કરી હતી અને ખેડૂતે આત્મહત્યા કરાવી ન જોઈએની ચર્ચા કરતા નજરે પડ્યા હતા.

## વડગામ તાલુકામાં લીલો દુષ્કાળ : પાકો નિષ્ફળ



બનાસકાંઠા જિલ્લાની પૂર્વે આવેલા વડગામ તાલુકામાં અવિરત મેઘવર્ષાથી ખેતી પાકો નષ્ટ થઈ જવા સાથે જીવાદોરી સમાન પશુઓમાં પણ રોગચાળાએ ઉથલો મારતા આમપ્રજા બેહાલ બની ગઈ છે. વડગામ તાલુકો સિંચાઈના પાણીના અભાવે વર્ષોથી દુષ્કાળનો સામનો કરતો આવ્યો છે, જેના કારણે અહીં ખેતીની આડમાં પશુપાલન વ્યવસાય ઉપર ખેડૂતો ગુજરાન ચલાવે છે. વર્તમાન ચોમાસાની સિઝનમાં સૌથી ઓછો વરસાદ વડગામના ૧૧૦ ગામમાં નોંધાયો હતો.પરંતુ ભાદરવા માસથી અત્યારે બીજા નવરાત્ર સુધી એકધારા વરસી રહેલ વરસાદથી મગફળી, કપાસ, બાજરી, શાકભાજી, કઠોળ વગેરે પાકો બગડી જતાં ખેડૂતોને સિઝન નિષ્ફળ નિવડવા સાથે લાખ્ખો રૂપિયાનું નુકસાન થવા પામ્યું છે.અધૂરામાં પૂરું, સતત વરસાદથી જીવાદોરી સમાન પશુઓમાં રોગચાળો ફાટી નીકળ્યો છે. તેથી લીલા દુષ્કાળથી ખેડૂતો બેહાલ બની ગયા છે.

દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દિવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય, સમજણથી 'દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે'

-મહાત્મા ગાંધી

નશાબંધી અને આબકારી ખાતું, ગુજરાત રાજ્ય

તા.૦૨-૧૦-૨૦૧૯ થી તા.૦૮-૧૦-૨૦૧૯ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

150 YEARS OF CELEBRATING THE MAHATMA

STATUE OF UNITY

संदेश

मुझे यह जानकर बहुत खुशी हो रही है कि हर साल की तरह २ अक्टूबर से ८ अक्टूबर, २०१९ तक राष्ट्रपिता महात्मा गांधीजी की जन्म-जयंती पर पूरे राज्य में नशाबंदी सप्ताह मनाया जाएगा।

सत्य और अहिंसा के महान दूत महात्मा गांधीजी नशाबंदी के प्रबल समर्थक थे। उनका मानना था कि ईमानदारी तथा निष्ठापूर्वक नशाबंदी का अनुपालन समाज के गरीब और कमज़ोर वर्गों के जीवन को उज्जवल और बेहतर बनाने का काम कर सकता है।

समाज में बढ़ती हुई मद्यपान तंबाकू, गुटका, सिगरेट की लत एवं नशीले मादक पदार्थो से होने वाले दुष्परिणामो एवं इनकी रोकथाम के लिए छात्र-छात्राओ एवं समाज के लोगों को अवगत कराया जाये, ताकि मादक द्रव्यों एवं मादक पदार्थों की रोकथाम के लिए सानुकूल वातावरण एवं चेतना का निर्माण हो सके। नशे की बुराई से बचने के लिए समाज में लोगों और खासकर युवाओं के प्रयासों में भाग लेने के सभी को आगे आने की जरुरत हैं। हम सभी नशा करने वाले और उनके परिवारों की दुर्दशा को भलीभाँति जानते हैं। मेरा मानना हैं कि नशाबंदी की बुराई को खत्म करने की दिशा में ईमानदारी और केंद्रित प्रयासों के जरिये ही नशाबंदी के लक्ष्य को हासिल किया जा सकता हैं।

यह, वास्तव में, हम सभी के लिए एक बार फिर से अपने आपको सम्पूर्ण नशाबंदी की नीति के लिए समर्पित करने का तथा नशामुक्त समाज की रचना करने में यथाशक्ति योगदान देने का अवसर हैं।

मैं गुजरात सरकार के नशे की लत से मुक्त समाज के द्दढ़ संकल्प की सराहना करता हूँ। राज्य में नशाबंदी नीति के सख्त क्रियान्वयन के कारण ही शांतिपूर्ण, सुरक्षित, खुशहाल और एक समृद्ध राज्य के रुप में गुजरात देश में सबसे आगे हैं।

मुझे पूरा विश्वास है कि राज्य सरकार द्वारा "नशाबंदी सप्ताह " का उत्सव और इसके लिए काम करने वाले गैर-सरकारी संगठन एक साथ मिलकर राज्य में दूर-दूर तक फैले महात्मा गांधीजी का संदेश लोगों को नशीले पेय से दूर करने के लिए प्रेरित करेगा, जो वास्तव में, राष्ट्रपिता महात्मा गांधीजी के प्रति हमारी एक सच्ची श्रद्धांजलि होगी।

आइए। हम स्वस्थ और नशे की लत के प्रति समाज के लिए जन जागरुकता के प्रयासों को आगे बढ़ाएं।

(आचार्य देवव्रत)
राज्यपाल, गुजरात राज्य

સંદેશો

વ્યસનની લત મનુષ્યને અધોગતિના માર્ગે લઈ જાય છે.

જીવનમાં સુખ અને દુઃખ એકબીજાના પર્યાય છે. આનંદની ઉજવણી અને વ્યથાને ભૂલવા માટે કરાતું વ્યસન મનુષ્યને કેફી પદાર્થનો ગુલામ બનાવે છે. આનંદ અને કષ્ટમાં વ્યક્તિ સ્વ પર નિયંત્રણ રાખતાં શીખી જાય તો દરેક સમસ્યાનું નિવારણ શક્ય બને છે. સ્વ નિયમન માટે ધ્યાન અને યોગનો સહારો આવશ્યક બને છે.

**નશાબંધી અને આબકારી ખાતું** છેલ્લા ૬૨ વર્ષથી પ્રતિવર્ષ ઓક્ટોબર મહિનામાં ગાંધી જયંતિ નિમિત્તે **તા. ૦૨.૧૦.૨૦૧૯ થી તા. ૦૮.૧૦.૨૦૧૯** દરમિયાન **નશાબંધી સપ્તાહ**ની ઉજવણી કરે છે તે જાણી આનંદની લાગણી અનુભવું છું. સમાજમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસો અને સરકારના પગલાં સાથે વ્યક્તિ અંગતપણે રસ લઈ નશાબંધીના મહત્વને સમજીને સ્વસ્થ-સુખી સમાજના નિર્માણમાં યોગદાન આપે. નશાબંધી સપ્તાહની અસરકારક અને સફળ ઉજવણી માટે શુભેચ્છા પાઠવું છું.

**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

નશાબંધી અને આબકારી ખાતા દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ તા.૦૨.૧૦.૨૦૧૯થી તા.૦૮.૧૦.૨૦૧૯ દરમ્યાન નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે, તે જાણી આનંદ થયો.

નશાબંધી દ્વારા સમૃદ્ધ રાજ્ય અને સ્વસ્થ સમાજના સ્વપ્નને સાકાર કરવાના પ્રયાસરૂપે નશાબંધી સપ્તાહની સફળતા માટે નશાબંધી અને આબકારી ખાતાને શુભેચ્છા અને આ પ્રસંગે નશાબંધી અને આબકારી ખાતાની ટીમને શુભકામના અને અભિનંદન પાઠવું છું.

**નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

દર વર્ષની જેમ આ વર્ષે પણ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જયંતિની ઉજવણીના પ્રસંગે નશાબંધી અને આબકારી ખાતા દ્વારા તા.૦૨.૧૦.૨૦૧૯ થી ૦૮.૧૦.૨૦૧૯ દરમિયાન નશાબંધી સપ્તાહની ઉજવણી થઈ રહેલ છે.

સમાજના ઉત્થાનના પાયાના સિદ્ધાંતોમાંનો એક અગત્યનો સિદ્ધાંત 'નશાબંધી'. મહાત્મા ગાંધીજી પણ હંમેશા નશામુક્ત સમાજની જ તરફેણમાં હતા. જો સમાજને વિકસિત કરવું હશે તો તેને પ્રથમ નશામુક્ત બનાવવું રહેશે, કારણ શરાબ અને માદક દ્રવ્યોનું સેવન કરવાની કુટેવોથી સમાજ ખોખલો બને છે, સુખીસંપન્ન કુટુંબો બરબાદ થઈ જાય છે. વિકાસના કાર્યક્રમોની સાથોસાથ આપણે નશાખોરીની વિનાશક્તાના નિવારક પગલાં નહી લઈએ તો વિકાસનો કાર્યક્રમ પણ આગળ વધી શકશે નહીં.

ગુજરાતની નશાબંધી ગુજરાતના ગરીબો, ખેડૂતો, મજૂરો તથા સમાજનો નબળો વર્ગ તેમજ અન્ય પછાત વર્ગના લોકોના આર્થિક, સામાજિક અને નૈતિક ઉત્થાન માટે એક અત્યંત મહત્વનો તેમજ કલ્યાણકારી કાર્યક્રમ છે. નશાબંધીએ લાખો ગૃહિણીઓનો ઘરસંસાર સુધાર્યો છે અને નાનાં નાનાં ભુલકાઓનું ભવિષ્ય ઉજ્જવળ બનાવેલ છે. કાળી મજૂરીથી કમાયેલ રૂપિયાથી ખરીદાતી શારીરિક, આર્થિક અને સામાજિક બરબાદીમાંથી લાખો કુટુંબને બચાવીને બાળકોને પૂરતો પિતૃ પ્રેમ તથા કાળજીપૂર્વકનો ઉછેર નશાબંધી અમલીકરણથી સંભવ બનેલ છે.

આજથી શરૂ થતા નશાબંધી સપ્તાહના પ્રારંભે રાજ્યનાં નશાબંધી અને આબકારી ખાતાના મંત્રી તરીકે રાજ્યને નશામુક્ત રાખવાના અભિયાનમાં સતત પ્રયત્નશીલ એવા મારા નશાબંધી ખાતાના સર્વે અધિકારી - કર્મચારી તથા નશાબંધી અંગેની જાગૃતિ માટે કાર્ય કરતી રાજ્યની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓને અભિનંદન પાઠવતા આભાર માનુ છું અને નશાબંધી સપ્તાહ ઉજવણી કાર્યક્રમને સફળ બનાવવા રાજ્યનાં સર્વે નાગરિકોને નમ્ર અપિલ કરું છું. ચાલો, આપણે સહુ એક બની આપણા ગુજરાતને સંપૂર્ણ નશામુક્ત કરી ગુજરાતને વિકાસની ટોચ ઉપર લાવી ગુજરાતના પનોતાપુત્ર મહાત્મા ગાંધીજીને તેમની ૧૫૦મી જન્મ જયંતિ ઉપર સાચી શ્રદ્ધાંજલિ અર્પીએ.

**ગૃહ રાજ્યમંત્રી, ગુજરાત રાજ્ય**